# ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી

પહેલો માળ, આંકડા ભવન, પોલીસ ભવનની બાજુમાં,
સેક્ટર-૧૮, ગાંધીનગર-૩૮૨૦૦૭
E-mail Id : cot-trans-rsa@gujarat.gov.in, Phone : 079 23258148


સત્યમેવ જયતે

ક્ર: ગુરોસઓ/સ/...(...)/૦૦૬૭/૨૦૨૬/192

30 APR 2026

પ્રતિ,

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (DEO),
તમામ જિલ્લાઓ,
ગુજરાત રાજ્ય.

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (DPEO),
તમામ જિલ્લાઓ,
ગુજરાત રાજ્ય.

વિષય: શૈક્ષણિક સંસ્થાઓમાં માર્ગ સલામતી જાગૃતિ, 'ગુડ સમરીટન લૉ' નો પ્રસાર અને આરોગ્ય-પોલીસ વિભાગ સાથે સંકલન બાબતે.

સંદર્ભ: (૧) ભારત સરકાર, માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય (MoRTH) નો પત્ર ક્રમાંક: RT-25035/91/2024-RS (241700), તા: ૨૦/૦૪/૨૦૨૬.

(૨) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના ના ઠરાવ ક્રમાંક:PTD/MVD/e-file/22/2025/0619/KH, તા.30/૦૫/૨૦૨૫

જય ભારત સહ જણાવવાનું કે, ભારત સરકારના માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય (MoRTH) ના તાજેતરના નિર્દેશો મુજબ, માર્ગ સલામતીના નિયમો પ્રત્યે નાનપણથી જ જાગૃતિ કેળવવી અત્યંત આવશ્યક છે. વિદ્યાર્થીઓ માત્ર ભવિષ્યના જવાબદાર ચાલકો જ નથી, પરંતુ તેઓ સમાજમાં પરિવર્તન લાવનાર સક્ષમ માધ્યમ પણ છે. આ હેતુથી, શિક્ષણ વિભાગે પોલીસ અને આરોગ્ય વિભાગ સાથે મળીને નીચે મુજબની કામગીરી કરવાની રહેશે. ભારત સરકારના સંદર્ભ પત્રની નકલ સામેલ રાખેલ છે.

૧. <u>માર્ગ સલામતી અને ટ્રાફિક શિસ્તનું શિક્ષણ</u>:

- ટ્રાફિક પાઠશાળા: જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ટ્રાફિકના નિયમો, ચિહ્નો અને સંકેતો વિશેની જાણકારી આપતા વિશેષ લેક્ચર્સનું આયોજન કરવું. આ માટે સ્થાનિક ટ્રાફિક પોલીસ (SP કચેરી) ના અધિકારીઓ તેમજ આર.ટી.ઓના અધિકારીઓનો સહયોગ લેવો.
- પ્રોજેક્ટ વર્ક: વિદ્યાર્થીઓને રસ્તા પરની સલામતી, ઓવરસ્પીડિંગના જોખમો અને સીટબેલ્ટ/હેલ્મેટના મહત્વ પર નિબંધ, ચિત્રકામ અને વક્તૃત્વ સ્પર્ધાઓ દ્વારા જાગૃત કરવા.

૨. <u>આરોગ્ય વિભાગ સાથે સંકલન (પ્રાથમિક સારવાર તાલીમ)</u>:

- BLS તાલીમ: ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે જિલ્લા આરોગ્ય અધિકારી (CMO) ના સહયોગથી 'બેઝિક લાઈફ સપોર્ટ' (BLS) અને 'પ્રથમ કલાકની સારવાર' (First-Aid) પર વર્કશોપ યોજવા.

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નંબર ...1680...
તારીખ ...2/5/26...
...
કચેરીની સહી ..................

Scanned with CamScanner

- અકસ્માત સમયે ગભરાયા વગર ઈજાગ્રસ્તને કેવી રીતે મદદ કરવી અને એમ્બ્યુલન્સ (112) ને કેવી રીતે સચોટ માહિતી આપવી તેની પ્રાયોગિક તાલીમ આપવી.

૩. **'ગુડ સમરીટન લો' નો પ્રચાર:**

- વિદ્યાર્થીઓને સમજ આપવી કે અકસ્માત સમયે મદદ કરનાર વ્યક્તિને હવે કાયદાકીય રીતે સુરક્ષિત કરવામાં આવી છે.

૪. **સંસ્થાકીય માળખું:**

- દરેક શાળામાં એક 'રોડ સેફ્ટી ક્લબ' ની રચના સ્થાનિક પોલીસ અને આર.ટી.ઓ.ના સહકારથી કરવી, જેમાં આચાર્યશ્રી, એક શિક્ષક અને વિદ્યાર્થી પ્રતિનિધિઓ રહેશે. આ ક્લબ શાળાના છૂટવાના સમયે ટ્રાફિક વ્યવસ્થામાં મદદરૂપ થઈ શકે અને સલામતીના સંદેશા ફેલાવી શકે.
- વિદ્યાર્થી/બાળકો માટેની શાળાની બસો અને વાહનોના ડ્રાઈવરો માટે RTO અને પોલીસ વિભાગના સહયોગથી વર્ષમાં બે વાર 'સલામત ડ્રાઈવિંગ' સેમિનાર યોજવા.

ઉપર વિગતે માર્ગ સલામતી સારૂં જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

કમિશનર
ગુજરાત રોડ સેફટી ઓથોરિટી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

**નકલ જય ભારત સહ રવાના:**

૧. કલેકટર અને અધ્યક્ષશ્રી, જિલ્લા માર્ગ સલામતી સમિતિ, તમામ જિલ્લા.

૨. કમિશનરશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, જુના સચિવાલય, ગાંધીનગર.

૩. નિયામકશ્રી, પ્રાથમિક શાળાઓ, ગાંધીનગર

Scanned with CamScanner

ક્રમાંક. ક – ૩/૫૨૫/૨૦૨૬/૪૬૪૭
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે, કારેલીબાગ,
વડોદરા.
તા૦૪/ ૦૫ /૨૦૨૬

૨/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ પ્રા.મા. અને ઉ.મા. શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.

<u>**નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારું.)**</u>

- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ. વડોદરા

Scanned with CamScanner